## સાફલ્યા ગાથા  વિકલી તા. ૧૩/૦૨/૨૦૧૭ થી ૧૯/૦૨/૨૦૧૭

૧)  સાફલ્ય ગાથા (ફોટાઓ સાથે)

૨)  સુરક્ષા સેતુ અંતર્ગત થયેલ કાર્યક્રમો તથા તેને અનુરૂપ ફોટાઓની વિગત સ્કુલોમાં અવેરનસ

સુરત રેન્જ ધ્વારા પોલીસ એથ્લેટીક મીટનું આયોજન વલસાડ ખાતે કરવામાં આવેલ જેમા નવસારી, સુરત રુરલ, તાપી, ડાંગ, વલસાડ એમ પાંચ જીલ્લાના પોલીસ , એન.જી.ઓ. તેમજ પોલીસ પરીવારના સભ્યો, બાળકો એથ્લેટીક મીટમાં ભાગ લીધેલ . તા.૧૮/૦૨/૨૦૧૭ અને ૧૯/૦૨/૨૦૧૭ "અતુલ પ્રા.લિ. ગ્રાઉન્ડ તા.જી.વલસાડ" ખાતે આયોજન કરવામાં આવેલ છે.









<u>પ્રેસ નોટ  તા.૧૮/૦૨/૨૦૧૭</u>

## <u>ચીખલી તાલુકાના ટાંકલ ગામે થયેલ શસસ્ત્ર ધાડનો વણશોધાયેલ ગુનો શોધી ચાર આરોપીઓ સાથે મુદામાલ રીકવર કરતી એલ.સી.બી નવસારી ટીમ</u>

અત્રેના નવસારી જીલ્લામાં વણશોધાયેલ મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ. ભરાડા નાઓએ ડી.એન.પટેલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી એલ.સી.બી નવસારીનાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે આજરોજ એલ.સી.બી.ના પો.સ.ઇ.શ્રી એસ.જી.દેસાઇ તથા એલ.સી.બી.ના માણસો સાથે નવસારી જીલ્લામાં મિલ્કત સંબંધી ગુના બનતા અટકાવવા અંગેના પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ચીખલી પો.સ્ટે. વિસ્તારમાં રાનકુવા ચાર રસ્તા ખાતે આવતા ખાનગી બાતમીદાર રાહે બાતમી હકીકત મળેલ  કે, તા.૧૧/૨/૨૦૧૭ના રોજ ટાંકલ કુભાર ફળીયા ખાતે ઘાતક હથિયારો બતાવી ડરાવી ધમકાવી ધાડ પાડનારા ઇસમો પૈકી ચાર ઇસમો એક કાળા કલરની યુનિકોર્ન મો.સા. નં. GJ-21-AG-1989ની લઇ ઉભા છે અને તેઓ પાસે લુંટ કરેલ સોના ચાંદીના દાગીના તેઓ ભેગા થઇને વેચવા જનાર છે. અને હાલમાં તેઓ રાનકુવા ચાર રસ્તાથી ટાંકલ તરફ જતા રોડે સરા લાઇન રેલ્વે ફાટક નજીક ઉભેલા છે જે મળેલ બાતમી હકીકત આધારે બાતમી હકીકતમાં જણાવેલ જગ્યાએ તાત્કાલીક પહોચી ત્યાં આગળ ચાર ઇસમો એક મો.સા. લઇને ઉભેલ હોય તેઓને કોર્ડન કરી પકડી પાડી તેઓના નામઠામની ખાતરી કરતા (૧) મહેન્દ્રભાઇ ગુલાબભાઇ ધો.પટેલ રહે. વાંસદા વનારસી પોસ્ટ ફળીયા તા.વાંસદા જી. નવસારી (૨) પ્રમોદ ઉર્ફે બાબુ કપીલ પાસવાન હાલરહે. સચીન જી.આઇ.ડી.સી. પતરા કોલોની સિધ્ધીગણેશ ગૌતમભાઇની ચાલીમાં સુરત તા.જી. સુરત મુળરહે. ધાપરીગામ પોસ્ટ છાપા થાના ઝાઝા જી. જમોઇ બિહાર (૩) અંકુર ભુપતસિંહ ઠાકોર રહે.નોગામા, વાણીયાવાડ, દુધડેરીનીસામે, તા.ચીખલી, જી.નવસારી મુળરહે. કઠલાલ છીપડીગામ તા.કઠલાલ જી.ખેડા (૪) યતીન ઉર્ફે સાધુ રમણભાઇ ધો.પટેલ ઉવ. ૨૩ ધંધો- ખેતી રહે. સરૈયા પટેલ ફળીયા તા.ચીખલી જી. નવસારીના હોવાનુ જણાવતા તેઓની અંગ ઝડતી કરતા આરોપી મહેન્દ્રભાઇ ગુલાબભાઇ ધો.પટેલ રહે. વાંસદા વનારસી પોસ્ટ ફળીયા તા.વાંસદા જી. નવસારી નાની પાસે સોના ચાંદીના દાગીનાઓ હોય જે દાગીનાઓ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે ગઇ તા.૧૧/૦૨/૨૦૧૭ના રોજ ટાંકલ કુંભાર ફળીયા ખાતે રાત્રીના સમયે કરેલ લુંટ પૈકીના સોના ચાંદીના દાગીના હોવાનુ જણાવતા (૧) સોનાની લેડીઝ વીટી-૦૧ કી.રૂ. ૨૦૦૦/- (૨) ચાંદીના પાયલો-૦૪ જોડી તથા ચાંદીની હાથ તથા પગમાં પહેરવાની વીટીઓ નંગ-૧૫ આશરે કી.રૂ. ૫૦૦૦/- મળી રૂ. ૭૦૦૦/- સોના ચાંદીના દાગીના તથા ચારેય આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૦૫ કી.રૂ.૧૦,૦૦૦/- તથા લુંટ-ધાંડના ગુનામાં વાપરેલ કાળા કલરની યુનિકોર્ન મો.સા. નં. GJ-21-AG-1989 કી.રૂ. ૪૦,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૫૭,૦૦૦/-નો મુદામાલ રીકવર કરી આરોપીઓની ચીખલી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૨૦/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૭, ૩૯૫, ૩૪૨, ૪૫૨, તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(એ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે ધરપકડ કરી શસસ્ત્ર ધાડનો વણશોધાયેલ ગુનો શોધી કાઢેલ છે.

આ પકડાયેલ ચારેય આરોપીની સઘન પુછપરછ કરતા આ શસસ્ત્ર ધાડમાં આરોપી અંકુર ભુપતસિંહ ઠાકોરે આ કામે પકડાયેલ આરોપી મહેન્દ્રભાઇ ગુલાબભાઇ ધો.પટેલ અને

વોન્ટેડ કાળુ ઉર્ફે ધીરૂભાઇ જગદીશભાઇ નાયકા પટેલ બંને રહે. વાંસદા વનારસીગામ નાઓને ફરીયાદીનુ ઘર બતાવી ધાડ કરવાની ટીપ આપેલ.

તેમજ મહેન્દ્રભાઇ ગુલાબભાઇ ધો.પટેલ તથા વોન્ટેડ કાળુ ઉર્ફે ધીરૂભાઇ જગદીશભાઇ નાયકા પટેલ તથા નિલેશ ઉર્ફે નિરલ ઉર્ફે નિલો કાનજીભાઇ ઉર્ફે કુકરભાઇ નાયકા પટેલ નાઓના મિત્ર પ્રમોદ ઉર્ફે બાબુ કપીલ પાસવાન નાઓ મારફતે મિત્રતા થયેલ આરોપીઓ જે બિહાર તથા બંગાળના હોય જેમાં (૧) બાવા (૨) શીકનડી (૩) પહેલવાનજી (૪) રોખી ઉર્ફે બંટી (૫) બમબમ (૬) સંજય યાદવ નાઓને બોલાવી એમ કુલ-૧૨ આરોપીઓએ મળી ઉપરોકત ધાડ કરેલ છે. જેમાંથી ઉપરોકત ચાર આરોપીઓની ધરપકડ કરેલ અને બાકીના આરોપીઓ વોન્ટેડ છે.

ઉપરોકત કામગીરી તમામ એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

**મુદા નંબર (૧)**

1. **જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.**

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીના ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સહકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરુ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ. ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

**મુદા નંબર (3)**

- **ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**
- ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે છે.
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.
- વારંવાર રોડ ઉપર ટ્રાફીક ડ્રાઇવ રાખી ટ્રાફીક અવરેનસ અંગેની સમજ આપવામાં આવે છે.

**મુદા નંબર (૪)**

- **ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?**
- નેશનલ ૮ તેમજ અન્ય રસ્તાઓ ઉપર એકસીડન્ટ ઝોન નકકી કરી રોડ એકસીડન્ટ, ટ્રાફીક નિયમન, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ સી.સી.ટી.વી. કેમેરાની જરુરીયાત મુજબની યાદી બનાવી કલેકટરશ્રી સાથે મિટીંગો કરવામાં આવેલ છે.
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારુ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

**મુદા નંબર (૫)**

- **અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.**
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે.